

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

જૂઠાં વચન-વાયદા ન કરો, એ જ ધર્મ છે,
કરો સંસારીક કર્મ નિષ્ઠાથી, એ જ ધર્મ છે.
રાખો ન્યાયની નીતિ ફરજમાં એ જ ધર્મ છે,
સત્તાને પદનો મોગ-ત્યાગ, એ જ ધર્મ છે...

હાઈકુ

બજાવો ફર્જ
સત્ય અને નિષ્ઠાથી -
'માનવ-ધર્મ'
(ગાંડી સાસરે જાય નહીં ને -)

બિલાડી બેન -
લ્યો ! એન્કૌંટરો પછી
કરે યાત્રાઓ...!
(સો ચૂહે મારકે...)

### ચિંતન

વિકલ્પો વિનિવર્તૈત કલ્પિતો યદિ કેનચિત્ ।
ઉપદેશાદયં વાદો જ્ઞાતે દ્વૈતં ન વિદ્યતે ॥

ઉપરોક્ત શ્લોક માંડૂક્યોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જો કોઈએ વિકલ્પની કલ્પના કરી હોય તો તેનું નિવારણ થાય, આ વાદ તો ઉપદેશ ખાતર જ છે; આત્મતત્વનું જ્ઞાન થતાં દ્વૈત નથી રહેતું.

'વિકલ્પઃ' અર્થાત મિથ્યા કલ્પના જેવા દ્વૈત મૂલક શબ્દો, મતો વગેરે તો અજ્ઞાનીઓને ઉપદેશ દેવા માટે જ છે. તેને પારમાર્થિક દૃષ્ટિએ સત્ય ન ગણી શકાય. એ સર્વેમાં દ્વૈત બુદ્ધિ રહેલી છે. છતાંયે પરમ તત્ત્વને સમજાવવા માટે શઆસ્ત્રોપદેશ તેમજ શ્રોત્રિય ગુરુની આવશ્યકતા છે. પરંતુ શંકરાચાર્ય કહે છે કે પરમતત્ત્વ ન પ્રાપ્તિ કાજે પ્રયત્ન કરનાર માટે શાસ્ત્રોપદેશ, 'આચાર્યો' વગેરે કશુંય રહેતું નથી, જયારે જ્ઞાનપ્રાપ્તિ થઈ જાય છે વાસ્તવમાં સમસ્ત દ્વૈત લીલાનું નિવારણ થઈ જાય છે.

### સુવિચાર

- જીવનમાં જયાં સુધી કર્મ સોદાની વસ્તુ છે ત્યાં સુધી સુખદુઃખ પણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સત્યનું વિસ્મરણ જ ચિંતાની જનની છે, નહિં તો મનુષ્યના જીવનમાં ચિંતા કેવી ? પોતાની શક્તિ હતી એટલું કાર્ય, ત્યાં જ તમારું દાયિત્વ ખતમ થાય છે - **જીવનસૂત્ર**
- જ્ઞાન વગરની લાગણી કેવળ આવેશ છે અને લાગણી વગરનું જ્ઞાન શક્તિહીન છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- માહિતી એ જ્ઞાનનો આરંભ છે, જ્ઞાન એ ડહાપણનો આરંભ છે અને ડહાપણ અજ્ઞાન વિશેની જાગૃતિમાંથી આવે છે - **ભૂપત વડોદરિયા**
- જે પોતાના સ્વભાવને જાણતો નથી તેને ડાહ્યો માનવી ગણી ન શકાય - **ઝેન કથન**
- તમે સ્મૃતિઓનો અને શબ્દોનો સમૂહ છો એવું તમે જયારે જોશો ત્યારે બેચન મન શાંત થશે - **જે. કૃષ્ણમૂર્તિ**
- આજનું ઔષધ : એલચીના ભૂકાને આમળાના ચૂર્ણ સાથે લેવાથી પેશાબની બળતરા દૂર થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

જયપુરમાં સદાસુખલાલજી કાસલીવાલ મોટા પંડિત થયા હતા. તેઓને સાંસારિક ભોગોથી વિરક્તિ અને અધ્યાત્મના રસપાનની સદા આસક્તિ રહેતી. રાજયની સેવા દ્વારા તેમને મહિને મળતા આઠ રૂપિયામાં તેઓ પોતાની આજીવિકા ચલાવતા હતા.

જયપુરના રાજા રામસિંહ પણ પંડિતજીની વિદ્વતાના ખૂબ પ્રશંસક હતા. તેમને ખબર પડી કે ચાલીસ વર્ષની નોકરી પછી પણ પંડિતજીના પગારમાં વધારો થયો નથી અને અન્ય લોકોના ઘણા પગાર તથા હોદ્દા પર વધી ગયા છે.

રાજાએ પોતાની ભૂલ બદલ દુઃખ વ્યક્ત કરતાં પંડિતજીને કહ્યું. તમારો પગાર હવેથી એકસો રૂપિયા થઈ જશે. પંડિતજી ઈચ્છત તો આ તકનો ભરપૂર લાભ ઊઠાવી શક્યા હોત, પરંતુ તેમણે રાજાને કહ્યું, 'જો આપ મારા પર ખરેખર પ્રશન્ન થયા હો અને કંઈ આપવા ઈચ્છતા હોય તો મારી નોકરીના જે કલાકો છે તે અડધા કરી નાખો. જેથી હું સ્વાધ્યાય લેખન તથા આત્મકલ્યાણ હેતુ ચિંતન-મનનમાં વધારે સમય આપી શકું.'

'સમયના અભાવે હું ખૂબ ભાવ હોવા છતાં એ કરી શકતો નથી, પગાર પર મારી જરાય દૃષ્ટિ નથી.' આમ કહી પંડિતજીએ પગારવધારાનો ઈન્કાર કરી દીધો.

# ભર્યા નારિયેળ જેવી સ્થિતિમાં રાજયનું રાજકારણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માનગઢ હત્યાકાંડની યાદ અપાવીને સૌરાષ્ટ્રના પાટીદારોને કોંગ્રેસ વિરુદ્ધ મતદાન કરવા પ્રેર્યા એના ખૂબ પ્રતિકૂળ પડઘા પડ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ ફરી વાર 'ખામ' - શાસન ન આવી જાય એ મુદ્દે મતદારોને ચેતવતા રહે છે. જાતિવાદનો વિરોધ કરનારા નેતાઓએ ઉમેદવારો તો જાતિવાદનાં સમીકરણો ગોઠવીને જ પસંદ કર્યા છે. ચૂંટણી પ્રચારમાં નેતાઓ વધુ પડતા આકળવિકળ થઈ જઈ પ્રમાણભાન વગરની વાતો કરવા લાગે ત્યારે સમજવું કે એમને પોતાના પગ નીચેથી ધરતી સરકી જતી હોય એવું લાગી રહ્યું છે. મનમોહનસિંહ જે સ્થિત ચિત્તથી એક તજજ્ઞ અર્થશાસ્ત્રીની ભાષામાં પોતાની મુદ્દાસર વાત રજૂ કરે છે, એની સામે વર્તમાન શાસકોની ભાષા કાં તો નર્યા લાગણીવેડામાં સરી જતી લાગે અથવા આક્રોશની ચરમસીમા વટાવતી વરતાય. એ દૃષ્ટિએ ભાજપ પાસે કોઈ પ્રમાણભાન સાથે રજૂઆત કરનાર નેતા હોય તો એક માત્ર જેટલી છે. જેટલી અને મનમોહનસિંહ ભલે સામા છેડાની વાત કરતા હોય પણ તેઓ મિજાજ ગુમાવતા નથી. 'જીએસટી' માટેનાં બેઉનાં અર્થઘટન અલગ છે - છતાં બેઉની રજૂઆત ગંભીરતાપૂર્વક કરાયેલ અભ્યાસનો નિચોડ છે. જીડીપીમાં છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં નોંધાયેલો સુધારો જેટલીના આશાવાદને બળ પૂરું પાડે છે. પરંતુ એ જ જેટલી જયારે રાહુલ ગાંધીના સૉફ્ટ હિંદુત્વની ટીકા કરવા લાગે છે ત્યારે વામણા લાગે છે. હિંદુત્વના મુદ્દા પર કોઈ એક પાર્ટીનો વિશેષાધિકાર ન જ હોઈ શકે. કોંગ્રેસ ધર્મને રાજકારણથી દૂર રાખવાનો આધુનિક વિચાર લઈને ચાલતી હતી, પરંતુ એ લઘુમતીઓની વધુ પડતી આળપંપાળ કરતી રહી, એથી એને હિંદુત્વના ઝંડાધારીઓ સત્તા સ્થાનેથી હટાવવામાં સફળ થયા. અડવાણીએ સોમનાથથી અયોધ્યાની રામજન્મભૂમિ યાત્રા કાઢીને હિંદુત્વની લહેર બલકે વાવાઝોડું ઊભું કર્યું હતું અને પછીનાં વર્ષોમાં ગોધરાકાંડનો મુદ્દો નરેન્દ્ર મોદીની વહારે ધાયો, જે

**તંત્રીસ્થાનેથી...**

છે લ્લે એમને મુખ્યમંત્રીથી ઊંચકી વડાપ્રધાન સુધી પહોંચાડવામાં કારગત નીવડ્યો. ભ્રષ્ટાચાર અને વિકાસ જેવા મુદ્દા સામાન્ય મતદાર માટે બહુ અગત્યનો નથી રહ્યા. એના ચિત્તને ઝંઝોડી નાખે છે એ તો ધર્મસંપ્રદાય કે જાતિનો મુદ્દો જ હોય છે. અલબત્ત, આ આપણી લોકશાહીની વિડંબના છે. વિકાસ પુરુષની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઈમેજ ઊભી કર્યા પછી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ભગવાધારી સાધુ સમાજ અને કથાકારો તથા શ્રી શ્રી રવિશંકર મહારાજ જેવા ધાર્મિક અગ્રણીઓનો ટેકો જ વધુ મહત્ત્વનો સાબિત થયો છે. કોંગ્રેસના નેતાઓની તરફેણમાં આવું સમર્થન બહુ જૂજ પ્રમાણમાં છે. જગદ્‌ગુરુ શંકરાચાર્ય હવે હિંદુ મતદારોના માનીતા નથી રહ્યા. એથી સ્તો દ્વારકાપીઠના શંકરાચાર્ય કયારેક ભાજપની વિરુદ્ધ બોલે છે તો પણ પ્રજાને એની કશી જ અસર થતી નથી જયારે સાધુ સમાજના સામાન્ય પ્રતિનિધિઓ ભાજપની ઝોળી છલકાવી દેતા રહ્યા છે. આ મુદ્દો કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાગણના ધ્યાનમાં ન આવે એવું બને ખરું ? આથી વ્યૂહાત્મક રાજનીતિની રૂએ રાહુલ ગાંધી મંદિરોની મુલાકાત લેતા થયા હોય તો તેમાં નરી વ્યાવહારિકતા છે બલકે કદાચ તે એમની રાજકીય મજબૂરી છે. તેઓ ભાજપની ભાષા તો ભોલી શકે એમ નથી પણ ભાજપને પડકાર આપવા માટે એમણે નરેન્દ્ર મોદીની જ ભાષણશૈલી અપનાવવી પડી છે. ભાજપ માટે શિરોવેદના એ મુદ્દે છે કે ગુજરાતને એણે ધર્મના રંગે રંગીને સાનુકૂળ પરિસ્થિતિ સરજી હતી તે જાતિવાદના મુદ્દે બદલાઈ ન જાય. પાટીદારોના નેતા હાર્દિક પટેલે યુવા પાટીદારોમાં ભાજપ વિરોધી માનસિકતા ઊભી કરી છે તો વળી ઓબીસી મતદારો માટે ફરી એક વાર ગુજરાતમાં પોતાની માધવસિંહ યુગની અસ્મિતાનું 'નવસર્જન' કરવાની તક ઊભી થઈ છે. સુરત જેવા મહાનગરમાં રાહુલ ગાંધી અને હાર્દિક પટેલને મળતા પ્રતિસાદથી શાસક પાર્ટી મુંઝાઈ ગઈ છે. રાજકોટમાં હાર્દિક પટેલની સભા પછી ખુદ મુખ્યમંત્રી માટે પડકાર સરજાયો છે. ઈંદ્રનીલ રાજયગુરુના ભાઈ પર થયેલ હુમલા પછી કેવાં સમીકરણ સરજાશે એ તો મતપેટીઓ બલકે ઈવીએમ જ કહેશે !

# ઘૂંટણનો અસહ્ય દુઃખાવો - synovitis

**બીજો મણકો**

- સાંધા ઉપર મારણ પડવું wear and tear of joints જેમાં સાંધાની લીસ્સી સપાટી ખરબચડી બની જાય છે અને ઘૂંટણના સાંધા વધુ પ્રમાણમાં ઘસાય છે.
- વિરુદ્ધ આહાર-વિહારથી લોહીમાં એક પ્રકારની ખટાશ, ક્ષારનો ભાગ ઘટે, PH imbalance અજીર્ણ એનું કારણ છે.
- ઠંડી અને શરદીમાં વધુ પડતી ખડાશ ખાનારને વધુ શીતળ હવામાન તથા શીતળ આહાર-વિહારના સેવનથી લોહીમાં વિકાર થાય છે અને લોહીમાં ખટાશ વધવાથી ઘૂંટણના સાંધા પકડાય છે.
- પ્રમેહ કે ચાંદી જેવા રોગોમાં, સુવાવડ કે કસુવાવડ પછી મધુમેહની જીર્ણ અવસ્થામાં અને ચરબીથી લદાયેલા માનવીઓને આ રોગ વિશેષ પ્રમાણમાં થઈ શકે છે.
- rjeumatoid arthritis, વાત રોગ, ઘૂંટણના સાંધાનો માર વાગવો, સ્પોર્ટ્સ ઈનજરી, જેવા કે આવા પ્રકારના વાત લક્ષી રોગમાં શરીર પોતે જ પોતાના સાંધોન એટેક કરે અને પોતાના શ્વેતકણો જે પોતાની રોગ પ્રતિકારક શક્તિના જ હોય તે સાંધા સુધી જઈ અને સાંધાના પ્રવાહીને સંક્રામક કરી સાંધાને ખૂબ જ વેદના થાય તેવો કરી દે છે.

આમ સાંધાઓમાં સોજો આવે છે, ભારે પીડા થાય છે અને જેને શૂળ જેવી વેદના કહીએ તેવી વેદના સાથે તોદ્રવત એટલે કે આ ભાગ તૂટી પડતો હોય એટલી ભારે પીડા થાય છે. જેથી ઘૂંટણ વાળવામાં પીડા થતી જોવા મળે છે.

આમસંચય : વાયુના જુદા જુદા સ્થાનમાં આત્મસંચય થવાથી જુદા જુદા રોગો જોવામાં આવે છે. તે જયારે ઘૂંટણના સંધિસ્થાનમાં આશ્રય પામે છે ત્યારે સંધિમાં શોથ, પીડા અને એ અંગો સિથિલ એટલે કે કર્મહીન, કામ કરવાની શક્તિ વગરના તથા આકારમાં વિકૃતિ પામેલા બને છે આ દર્દનું સ્થાન શોથયુકત, પીડાયુક્ત અને કર્મહીન હોય છે.

લક્ષણો :

એક યા બંને પગના ઘૂંટણનો દુઃખાવો એ મુખ્ય ફરિયાદ હોય છે. રોગની શરુઆતમાં સવારે ઊઠ્યા પછી થોડીવાર ઘૂંટણ દુઃખે છે એ થોડી હરફર થયા પછી દુઃખાવો ઓછો થઈ જાય છે. ચાલવાથી ધીમે ધીમે દુઃખાવો વધે છે. એક સાથે વધુ ચાલવામાં આવે તો સોજો અને કળતર વધી જાય છે. ચાલવાથી ધીમે ધીમે દુઃખાવો વધતો જાય છે. સોજો અને કળતર પર

**આરોગ્ય-દર્શન**
**ડો. શ્રીરામ જી વૈદ્ય**

વધતું જાય છે. સમય જતાં દુઃખાવો કાયમનો બની જાય છે. દુઃખાવાના કારણે ઢીંચણથી પણ સીધો કરી શકાતો નથી કયારેક પગ લંગડાય છે તો કયારેક ખાલી પણ ચઢી જાય છે. હલચલનમા કટ્ કટ્ અવાજ પણ આવે છે. પલાઠી વાળીને કે ઉભડક બેસવામાં તેમજ દાદર ચઢવામાં કે ઉતરવામાં ખૂબ દુઃખાવો થાય છે. ઘૂંટણનો જે પાછળનો ભાગ હોય ત્યાં નસો ખેંચાતી હોય તેવી રોગી ફરિયાદ કરે છે.

આમનો સંચય જેમ જેમ વધતો જાય છે. તેમ તેમ ઘૂંટણના સ્ત્રોતોમાં એક્કો થતો જાય છે. અસહ્ય વેદનાને કારણે કોઈ કાર્ય કરી શકાતું નથી. આ વ્યાધિ મોટે ભાગે મોટી ઉંમરે જોવામાં આવે છે. આયુર્વેદ તો આ રોગમાં સ્ત્રોતોનો અવરોધ દૂર થાય, આમનો સંચય નાશ પામે એવા ઉપાય પરત્વે નિર્દેશન કરે છે. આ રોગમાં પણ મહારાસ્નાદિ ક્વાથ સાથે એરંડ તેલનો ઉપયોગ અને આહારમાં લઘુ ભોજન અને લંઘનને વધુ મહત્ત્વ આપે છે.

(ક્રમશઃ)

# ભોળપણ એ માણસની નબળાઈ ગણાય છે, પણ બાળકનું એ બળ છે



'જે બધી બુદ્ધિશક્તિ અને ભલમનસાઈ લઈને બાળકો જન્મે છે તેને ઉપયોગમાં કેમ લેવી, એટલું જ જો આપણે શીખી શકીએ તો કેવું સારું !'

આજના આ ટેક્નોસેવી યુગમાં નાના-મોટા, બાળકો-વડીલો સૌ કોઈ મોબાઈલ, ટીવી કે કમ્પ્યૂટરમાં વ્યસ્ત બન્યા છે ત્યારે આપણે સતત બૂમો પાડી-પાડીને આ બાબત અંગે ફરિયાદ કર્યા કરીએ છીએ. બાળકો નાનપણથી તીવ્ર બુદ્ધિશક્તિ અને નિઃસ્વાર્થ કોમળ હૃદય લઈને જન્મે છે પણ સમય અને સંજોગો, ભણતરનો ભાર અને આસપાસનું વાતાવરણ બાળકને ધીરે-ધીરે સ્વાર્થી અને સ્વકેન્દ્રી કરી મૂકે છે. બાળકોને મોબાઈલ કે કમ્પ્યૂટરની સામે ન બેસી રહેવાનું કહેતા આપણે મોબાઈલને પાસવર્ડ પ્રોટેકટ્ડ રાખીએ છીએ, આપણું ધ્યાન સતત વોટ્સએપ, સ્નેપચેટ મેસેજીસમાં હોય અને બાળકને તેનાથી દૂર રહેવાનો આગ્રહ આપણે સતત કરતા રહીએ. મોબાઈલેમાં સતત ગેમ્સ રમવાથી બાળકને કઈ રીતે દૂર કરી શકાય તેનું એક સચોટ ઉદાહરણ છે ઓસ્ટ્રેલિયન બાળક 'હેમિશ ફિનલેસન !' ૧૩ વર્ષનો આ 'ઑટીઝમ' ગ્રસ્ત બાળક વિશ્વનો સૌથી નાનો Enterpreneur(ઉદ્યોગપતિ) તરીકે Enterpreneurship Summit-2017 માં હૈદરાબાદ ખાતે ઝળકી ઉઠ્યો.

હૈદરાબાદમાં યોજાયેલી આ આંતરરાષ્ટ્રીય સમીટમાં ઈવાન્કા ટ્રમ્પનું ભારતમાં આગમન થયું એ બાબત વિશે મોટા ભાગના લોકો માહિતગાર હશે જ, પરંતુ આ સમિટમાં સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બન્યો આ ઓસ્ટ્રેલિયન બાળક 'હેમિશ'. ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી રહેલું ભારતનું 'હૈદરાબાદ' વિશ્વના આશરે ૧૫૦ જેટલા દેશોમાંથી ૧૫૦૦ જેટલા ઉદ્યોગવિદ્‌ને આમંત્રણ આપનારું શહેર બન્યું ત્યારે આ હેમિશ ફિનલેસન તેના સૌથી વધુ પ્રખ્યાત મહેમાનોમાં સ્થાન પામ્યો. હેમિસને પણ ભારતનું વલણ આવકારદાયક અને હૂંફાળું લાગ્યું. આ સમિટમાં ભાગ લીધા બાદ રાતોરાત જ આ અસાધારણ બાળકની પ્રતિભાઓ વિશ્વભરના માધ્યમોમાં (ટીવી, છાપાઓમાં) ઝળકી ઊઠી.

હવે વાત કરીએ હેમિશની સિદ્ધિઓ વિષે તો તેણે મુખ્ય ૫ એપ્લિકેશન, કે જે મુખ્યત્વે શોર્ટ વીડિયો ગેમ્સની જેમ દર્શાવવામાં આવી છે તેણે હેમિશને આટલો સફળ અને પ્રખ્યાત 'Enterpreneur' બનાવી દીધો છે. એની આ એપ્લીકેશન મુખ્યત્વે લોકોમાં સમુદ્રને દૂષિત કરવા અને સમુદ્રી કાચબાઓને થતા નુકશાન અંગે જાગૃતિ કેળવી શકાશે. ઓસ્ટ્રેલિયનાના 'Townsville' નો રહેવાસી હેમિશ, આ બાબત ત્યાંના દરિયાઈ ક્ષેત્રોમાં જોઈ ચૂક્યો હતો અને પરિણામે, તેણે તેની પ્રથમ એપ્લિકેશન બનાવી, 'LitterbugSmash' ઓગસ્ટ ૨૦૧૫માં. આ ગેમ અને ક્વિઝ જેવી 'એપ' એ પ્લાસ્ટિક તેમજ બિયર કેનથી દરિયાઈ જીવોનો થતા નુકસાન અંગે લોકોને વિચારવા પર મજબૂર કરી દીધા. નાના બાળકમાં રહેલી નિર્દોષ ભલમનસાઈના ગુણને કારણે આ બાળકે પોતાની નજીકના હોસ્પિટલમાં દરિયાઈ કાચબાઓને આ પ્રકારે ઈજાગ્રસ્ત થતા અને સારવાર લેતા નિહાળ્યા અને તેને આ એપ બનાવવાનો વિચાર સ્ફૂર્યો. તેનું કહેવાનું થાય છે કે, 'હું ટેકનોલોજીના ઉપયોગથી આપણી વાસ્તવિક જિંદગીના પ્રશ્નો હલ કરવા ઈચ્છું છું.' વધુમાં તે ઉમેરે છે કે, 'હું કચરાને પણ નફરત કરું છું માટે મેં આ અંગે જાગૃતિ લાવવા માટેની એપ બનાવી.'



**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

આ એપને અન્ય ૭૦૦૦ એપ સાથે કોમ્પિટિશનમાં આવવું પડ્યું અને નવ ઓસ્ટ્રેલિયનમાંનો એક એવો હેમિશ તેના આ યુનિક આઈડિયાને લોકો તેમજ જ્યુરી સમક્ષ સચોટ સાબિત કરવામાં સફળ નિવડ્યો. જો કે, તે આ સ્પર્ધામાં બીજા ક્રમાંકે આવ્યો છતાં હાર માન્યા વિના તેણે આ જ દિશામાં પ્રયત્નશીલ અને ગતિમાન રહેવાનો નિર્ણય લીધો. 'LitterbugSmash' બાદ 'Nurdles Vs Turtles' નામની ગેમ આવી કે જેનું મુખ્ય ફોકસ હતું ૧૫.૨ ટન જેટલું પ્લાસ્ટિક અને કચરો આપણા સમુદ્રોમાં ઠાલવવામાં આવે છે તો તેનાથી દરિયાને બચાવવા અને દરિયાઈ જીવોને બચાવવાનો પ્રયાસ કરવો. એની કુલ ૫ એપ ડાઉલોડ થઈ છે અને ૧૦૦૦ થી વધુ લોકોએ અને ૫૪ જેટલા દેશોએ તેનો લાભ મેળવ્યો છે. પરંતુ, આ તમામ એપ્લીકેશનમાંની સૌથી વિશેષ અને અંગત તેની લેટેસ્ટ એપ છે કે જે તેના પોતાના જીવન પરથી પ્રેરિત છે. ફિનલેસન પોતે ઓટિસ્ટિક બાળક હોવાથી તેણે તેના જેવા લોકો માટે Triple TandASD નામની એપ બનાવી છે કે જે ઓટિઝમ અંગે લોકોમાં જાગૃતિ કેળવશે. હેમિસ કહે છે કે વિશ્વના લગભગ ૭૪ મિલિયન લોકો આ સમસ્યાથી પીડાય છે. ત્યારે લોકો આ રોગને સમજી શકતા નથી અને પરિણામે, ઓટિઝમગ્રસ્ત વ્યક્તિને અપમાનિત કરે છે ત્યારે મારી આ એપ લોકોને આ બાબત અંગે જાગૃત કરી શકશે. હેમિશ આ તમામ એપ માટે અને તેના વિસ્તાર માટે ગ્રાન્ટ તેમજ ફંડ એકત્ર કરી રહ્યો છે. ગયા વર્ષે સિલિકોન વેલીમાં સમિટમાં ભાગ લેવા બદલ ફૅસબુકે તેને ૪૦,૦૦૦ ડૉલરની સહાય પણ કરી હતી. ભવિષ્યમાં તે વર્ચ્યુઅલ ટેકનોલોજી (વીડિયો ગેમ્સ) અને એક્ટિંગની તાલીમ યુનિવર્સિટીમાંથી લઈને તેના પર એક ફિલ્મ પણ બનાવવા ઈચ્છે છે. આ તમામ બાબતોને અંતે તે એમ પણ કહે છે કે ચોક્કસપણે, 'હોમવર્ક પહેલાં અને વિશ્વસેવા બીજા ક્રમે.' કે જેથી અન્ય બાળકો તેમાંથી પ્રેરણા લઈને ભણવાની સાથોસાથ આવા શોખ કેળવી શકે.

**Last Seen**

*"ભોળપણ એ માણસની નબળાઈ ગણાય છે, પણ બાળકનું એ બળ છે."*

- nehalgadhavi101@gmail.com

# બંધારણ મુજબ ધર્મ, જાતિ અને લીંગના ભેદભાવ પર પ્રતિબંધ

ભારત ધર્મિનરપેક્ષ દેશ છે, દરેક ધર્મને, જ્ઞાતીને, લીંગને સમાન ગણવામાં અવ્યો છે કોઈપણ વ્યક્તિને ધર્મ, જાતી કે લીંગ આધારે ધર્મ સ્થાનો, હોટલ કે સાર્વજનીક જગ્યાએ જતા રોકી ના શકાય, જાહેર સ્થળોનો ઉપયોગ સમભાવે, સરખી રીતે બધા જ ધર્મના કોઈપણ જ્ઞાતીના લીંગના માણસોએ સરખી રીતે કરવાનો અધિકાર છે.

ભારતીય બંધારણની કલમ ૧૫(૧) ની જોગવાઈ મુજબ માત્ર ધર્મ, જાતી, જ્ઞાતી, સ્ત્રી-પુરૂષના ભેદ કે જન્મ સ્થળ કે તેવા કોઈ પણ મુદ્દા પર કોઈપણ નાગરિક સામે પક્ષપાત કરવાનો નિર્ષેધ છે.

બંધારણની કલમ ૧૫(૧) મુજબ નાગરિકોને આપવામાં આવેલા મુળભૂત હક્કો તેમજ નાગરિક તરીકેના તેના અધિકારો, વિશેષાધિકારો અને સ્વાતંત્ર્યની બાબતમાં તેની સામે કોઈ પક્ષપાત કરવામાં આવશે નહિ તેવી બંધારણમાં સ્પષ્ટ ખાતરી આપવામાં આવી છે. આ આર્ટીકલમાં જે હક્ક આપવામાં આવ્યો છે તે વ્યક્તિગત છે તેથી જો કોઈ એક નાગરિક સામે ધર્મ, જાતી, જ્ઞાતી, સ્ત્રી-પુરૂષના ભેદ કે જન્મ સ્થળના આધારે ભેદભાવ આચરવામાં આવેલ હોય તો તેવી વ્યક્તિને સમાન તક અને સમાન અધિકાર આપવામાં આવે છે.

ભાતીય બંધારણની કલમ ૧૫(૧) ની જોગવાઈ મુજબ ચૂંટણીમાં કોમવાદના આધારે બેઠકો અંગેની જોગવાઈઓ કે કોમી પ્રતિનિધિત્વ માટે કોઈ જોગવાઈ કરવામાં આવી હોય તો આ સંવિધાનના અમલથી આવી જોગવાઈ રદબાતલ ઠરે છે.

જે કાયદો પ્રાથમિક દ્રષ્ટીએ જ ભારતીય બંધારણની કલમ ૧૫(૧) નો ભંગ કરતો હોય તે કાયદાની તરફેણમાં તેની કાયદેસરતા

**ભારતીય બંધારણની કલમ ૧૫(૧) મુજબ કોઈ નાગરિકની સામે ફકત ધર્મ, જાતી, લીંગ અને જન્મ સ્થાન એમાંના કોઈપણ કારણે રાજય ભેદભાવ કરી શકે નહિ**

બાબતે અનુમાન કરી શકાય નહિ. સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે ભેદભાવમાં પ્રતિકુળ, પૂર્વગ્રહ રહેલો છે જો આવા પૂર્વગ્રહને જાહેર કરવામાં આવે કે જેનાથી ભારતીય બંધારણની કલમ ૧૫ કે ૧૬ માં દર્શાવેલ કોઈ મુદ્દા આધારીત હોય તો તે કાયદો કલમ ૧૫ કે ૧૬ ના અપવાદ હેઠળ ઘડવામાં આવેલ હોય તો તે સંવિધાનની પ્રતિબંધ જોગવાઈઓનો ભંગ કરે છે તેમ ગણી રદબાતલ જાહેર કરવામાં આવશે.

ભેદભાવ કે પક્ષપાતનો અર્થ એટલે ચારણમાં, વ્યવહારમાં ભેદ રાખવો તેમ કરી શકાય. શબ્દ રચનાની દ્રષ્ટીએ ભેદભાવનો અર્થ બીજાઓથી પ્રતિકુળ રીતે અલગ પાડવું એવો થાય છે.

આર્ટીકલ ૧૫ માં જે ભેદભાવ આચરવા ઉપર પ્રતિબંધ છે તે માત્ર તેમાં નિર્દેષ્ટ કરેલ જોગવાઈના મુદ્દાઓ જેવા કે ધર્મ, જ્ઞાતી, જાતી, સ્ત્રી-પુરૂષ, જન્મ સ્થળ પૂરતો મર્યાદિત છે.



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ભારતીય બંધારણની કલમ ૧૫ માં પ્રયોજવામાં આવેલા માત્ર શબ્દનો અર્થ એવો કરવાનો છે કે જો વ્યક્તિઓની લાયકાત સરખી હોય તો આ કલમમાં નિર્દેષ્ટ કરેલ જાતી, ધર્મ, જ્ઞાતી, લીંગ અને જન્મ સ્થળના મુદ્દાઓ કોઈપણ વ્યક્તિને પસંદગી કરવામાં આવશે નહિ કે ના પસંદ કરાશે નહિ.

કલમ ૧૪ મુજબ સંસ્થાગત અગ્રતાના ધોરણે જગ્યા અનામત રાખવાનું વૈધ છે કે કેમ? સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે કલમ ૧૫(૧) મુજબ અધિકારને આધારે અનામત જગ્યા રાખવાનું વૈધ છે તેનાથી આર્ટીકલનો ભંગ થતો નથી.

સુપ્રિમ કોર્ટે પ્રદિપ જૈન વિરૂધ્ધ યુપીના કેસમાં રહેઠાણના આધારે જગ્યા અનામત રાખવા સામેની રીટમાં આ પધ્ધતિ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના ખ્યાલ સામે સુસંગત ન હોવા છતાં વિદ્યમાન સંજોગોમાં આર્ટીકલ ૧૪(૧) અને ૧૫(૧) હેઠળ વૈદ્ય ઠરાવેલ છે.

ભારતના સંવિધાનની કલમ ૨૫ થી ૨૮ ની જોગવાઈઓ અનુસાર ભારતીય રાજયક્ષેત્રમાં ધાર્મીક સ્વાતંત્ર્ય ભોગવવાની છુટ છે તેથી ધાર્મીક મુદ્દાઓ ઉપર કોઈપણ પક્ષપાત કરવામાં નહિ આવે તેમજ ધર્મથી કોઈને લાયક કે ગેરલાયક ઠરાવી શકાશે નહિ.

તાજેતરમાં ગુજરાતની ચૂંટણી દરમ્યાન શ્રી રાહુલ ગાંધીના ધર્મ ઉપર પ્રશ્ન ઉઠવા પામેલ કે તે હિન્દુ છે કે બીન હિન્દુ ધર્મીએ વ્યક્તિના વિશેષાધિકારનો સવાલ છે જેને જે ધર્મ પાળવો હોય તે ભારતીય બંધારણ મુજબ છુટ છે. ધર્મનિષ્પેક્ષ રાજયમાં જો ચૂંટણી ધર્મ, જાતી, જ્ઞાતી આધારે લડવામાં આવતી હોય તો વ્યક્તિ વિશેષાધિકારનો સવાલ ઉઠે તે સામાન્ય છે.

પરંતુ રાજનેતાએ જાહેર જનતાને પોતાની જાતી, ધર્મ જણાવવા જોઈએ પ્રજાએ તે જાણવાનો પૂરો હક્ક, અધિકાર છે કે તેમનો નેતા કઈ જાતી, ધર્મને અનુસરે છે.